# ભરૂચ જીલ્લા પોલીસ દ્વારા કરેલ સારી કામગીરીની માહિતી

12/06/2018 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-12

## અંકલેશ્વરમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

અંકલેશ્વર : અંકલેશ્વર શહેર પોલીસ સ્ટેશન ડી સ્ટાફને બાતમીના આધારે નવાદીવા ખાતે શ્યામજી ફળિયામાં રેહતા કિશનભાઈ મનાભાઈ વસાવાના ઘરના પાછળના ભાગે થી વિદેશી શરાબનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂ સહિત રૂ. ૧,૪૮,૮૦૦ મુદ્દામાલ ઝડપી પાડયો હતો. આ વિદેશી શરાબ આરોપી ક્યાંથી લાવ્યો છે ત્યાં આપવાનો હતો તેની વધુ તપાસ અંગે શહેર પોલીસ સ્ટાફ ચલાવી રહ્યું છે બુટલેગરોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

12/06/2018 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE-1

# ભરૂચમાં જુગાર રમતાં 4 જુગારિયાઓ ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના અયોધ્યા નગર ઝૂપડપટ્ટી વિસ્તારમાં ખુલ્લા મેદાનમાં જુગાર રમતાં ચાર જુગારિયાઓને પોલીસે ઝડપી પાડ્યાં હતાં. ચારેય વિરૂદ્ધ પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર, ભરૂચ શહેરનામાં આવેલી અયોધ્યા નગર ઝૂપડપટ્ટી પાસે કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી હોવાની ચોક્કસ બાતમી ભરૂચ એ ડિવિઝન પોલીસને મળી હતી. જેના પગલે પોલીસની ટીમે સ્થળ પર દરોડો પાડી જુગાર રમતાં કાળુ વિરસિંગ ડામોર, સંજય રવજી દેવીપુજક, પ્રકાશ ધીરુ ચારોલિયા તેમજ સતિષ લક્ષ્મણ વસાવા ચારેય રહે. અયોધ્યાનગરનાઓને ઝડપી પાડ્યાં હતાં. પોલીસે જુગારિયાઓ પાસેથી અંગજડતીના તેમજ દાવ પર લાગેલાં કુલ રૂપિયા 3600 જપ્ત કરી તમામ વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

13/06/2018 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE-1

# અંકલેશ્વરમાંથી 10 લાખનો દારૂ ઝડપાયો હતો
# હરિપુરાનો વોન્ટેડ બુટલેગર મનિષ વસાવા ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ગત 15 માર્ચના રોજ દારૂ કડકીયા કોલેજ બાજુમાં ખેતરમાંથી ઝડપી પાડ્યો હતો. 3 માસથી ચકમો આપી નાશતો હરિપુરાનો બુટેલગર મનીષ વસાવાને જેલ ભેગો કર્યો હતો.

અંકલેશ્વર શહેર પોલીસ ના પીઆઈ જે જી અમીનને અંકલેશ્વર કડકીયા કોલેજ પાસે ખેતરોમાં જવાના માર્ગ પર તાલુકાના હરીપુરા ગામનો કનુ વસાવા અને જુના હરીપુરા ગામનો મનીષ વસાવાનો 10 લાખ 39 હજારની કિંમતના વિદેશીદારૂ ની 9492 નંગ બોટલ કબ્જે કર્યો હતો. ફરાર બુટલેગર કનુ વસાવા અને મનીષ વસાવા વિરુધ્ધ ગુનો નોંધી તેઓને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે. છેલ્લા 3 મહિના થી બન્ને બુટેલગર પોલીસને ચકમો આપી ફરાર થઈ હતા. અંતે શહેર પોલિસ બુટેલગર મનીષ વસાવાને ઝડપી પાડ્યો હતો. અને જેલ ભેગો કર્યો હતો હતો જ્યારે ફરાર કનુ વસાવાને ઝડપી પાડવાના ચક્રોગતિમાન કર્યા હતા.

13/06/2018 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE-1

# જીતાલીમાં વિદેશી દારૂ સાથે એક ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના જીતાલી ગામે ખાતે આવેલ નવીનગરી વિસ્તારમાં તાલુકા પોલીસે દરોડા પાડી મૂળ ઝઘડીયા તાલુકાના ધારોલી ગામના સંજય બાબુ વસાવા પાસેથી 44 બોટલ ઈંગ્લીશ દારૂની ઝડપી પાડી હતી. પોલીસે બુટેલગર સંજય વસાવાને પ્રોહિબિશન એક્ટ હેઠળ અટકાયત કરી જેલ ભેગો કર્યો હતો.

13/06/2018 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-3/10

### બે કરોડના દારૂનો નાશ કરી દેવાયો

# અંકલેશ્વરમાં દારૂના જથ્થા પર બુલડોઝર ફેરવી દેવાયું

### ૪ પોલીસ સ્ટેશનની હદમાંથી દારૂ ઝડપાયો હતો



ભરૂચ,તા.૧૨

અંકલેશ્વર શહેર, ગ્રામ્ય, જીઆઈડીસી તેમજ હાંસોટ પોલીસે વર્ષ દરમિયાન પોતાના હદ વિસ્તારમાંથી ઝડપી પાડેલા રૂા.બે કરોડના દારૂના જથ્થાનો આમલાખાડી નજીક બુલડોઝર ફેરવી કોર્ટના હુકુમથી પ્રાંત અધિકારી, પોલીસ અધિકારી અને નશાબંધી વિભાગની હાજરીમાં નાશ કરવામાં આવ્યો હતો. બીજી તરફ શહેર પોલીસ સ્ટેશના ડીસ્ટાફે નવા દીવા ગામેથી બુટલેગરના મકાનના પાછળના ભાગેથી બાતમીના આધારે દોઢ લાખનો દારૂ ઝડપી પાડયો હતો.

અંકલેશ્વર શહેર ખાતે આવેલ કડકીયા સ્કુલની બાજુમાંથી પસાર થતી આમલાખાડી નજીક રૂા.૧.૯૦ કરોડ ઉપરાંતનો દારૂનો જથ્થો નાશ કરવામાં આવ્યો હતો. અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથક, શહેર પોલીસ, રૂરલ પોલીસ તેમજ હાંસોટ રૂરલ પોલીસ મથકની હદમાંથી જુદાજુદા બનાવોમાં ઝડપાયેલ વિદેશી દારૂનો જથ્થો બુલડોઝર ફેરવી નાશ કરવામાં આવ્યો હતો.

આ વિદેશી દારૂના જથ્થાની કિંમત રૂા.૧.૯૦ કરોડ ઉપરાંતનુ હોવાનું જાણવા મળેલ છે. આજરોજ સવારે કોર્ટના હુકમથી એસ.ડી.એમ. અને પોલીસ વિભાગના અધિકારીઓ તેમજ નશાબંધી વિભાગની હાજરીમાં આ જંગી વિદેશી દારૂના જથ્થાનો બુલડોઝર ફેરવી નાશ કરવામાં આવ્યો હતો. તે અગાઉ જુદા જુદા પોલીસ મથકોમાંથી વિદેશી દારૂનો જથ્થો આમલાખાડી વિસ્તાર પાસે લાવવામાં આવ્યો હતો અને ત્યારબાદ વિદેશી દારૂનો નાશ કરવામાં આવ્યો હતો.

બીજી તરફ શહેર પોલીસ સ્ટેશના ડીસ્ટાફે બાતમીના આધારે નવા દીવા ગામે દરોડો પાડયો હતો. શ્યામજી ફળીયામાં રહેતા કિશન મનાભાઈ વસાવાના મકાનના પાછળના ભાગેથી દારૂના ક્વાટરીયા ૧૪૮૦ નંગ કિંમત રૂા.૧.૪૮ લાખનો મુદામાલ ઝડપી પાડી દારૂનો જથ્થો કયાંથી લાવ્યા હતા અને કોણે મંગાવ્યો હતો તે સહિતની તપાસ હાથ ધરવામાં આવી છે.

# અંકલેશ્વરમાં બાળા સાથે દુષ્કર્મનો પ્રયાસ કરનાર ઝડપાયો

## **ફળિયાની** બાળકીને લલચાવીને પોતાના ઘરના માળ પર લઈ ગયો હતો



અંકલેશ્વર: અંકલેશ્વર વિસ્તારમાં એક ૭ વર્ષની બાળકી સાથે શારીરિક અડપલા કર્યા હોવાની ફરિયાદ શહેર પોલીસ મથકે નોંધાઈ હતી. બાળકીની માતાએ નોંધાવેલી ફરિયાદને આધારે શહેર પોલીસે યુવાનની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રીય માહિતી મુજબ, અંકલેશ્વર વિસ્તારમાં ૭ વર્ષની દીકરીને ફળીયામાં જ રહેતા ચિરાગ પટેલ નામના યુવાને લાલચ આપી પટાવી ફોસલાવી ને પોતાના ઘરે લઇ ગયો હતો. જ્યાં તેણે માળ પર લઇ જઈને મોઢા તેમજ શરીરનાં અન્ય ભાગોએ શારીરિક અડપલા કરતા બાળકી રડવા લાગી હતી.

જોકે સમય સૂચકતા વાપરી બાળકી ત્યાંથી ફરાર થઈ ગઈ હતી. બાળકીએ રડતા રડતા પોતાની માતા પાસે જઈને તેની સાથે થયેલી તમામ હકીકત જણાવતા માતા પણ તેની વાત સાંભળી ડઘાઈ ગઈ હતી. આખરે બાળકીની માતાએ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા શહેર પોલીસે બાતમીનાં આધારે આરોપી ચિરાગ પટેલની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

15/06/2018 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-2

# હાંસોટમાં યુવાનની હત્યામાં ત્રણ આરોપીની ધરપકડ

હાંસોટ, તા.૧૪

હાંસોટમાં મુસ્લીમ યુવકની હત્યાને મામલે પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

હાંસોટમાં ગત મંગળવારની મોડી રાત્રે બસ સ્ટેન્ડમાં થયેલા ઝઘડામાં એક યુવકનું મોત નિપજ્યું હતું. આ સંદર્ભે હાંસોટ પોલીસે ૯ પૈકી ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. જેમાં રવિ મિસ્ત્રી, વૈભવ મિસ્ત્રી તથા દિલ્પેશ મિસ્ત્રીને પોલીસે ઝડપી પાડયા છે. ત્રણેય આરોપીને હાંસોટ પોલીસે કોર્ટ સમક્ષ રજુ કરી રીમાન્ડની માંગણી કરી છે. હાલ પોલીસ અન્ય છ આરોપીને નક્કી કરવા તથા તેઓને ઝડપી પાડવાની કાર્યવાહી કરી રહી છે. ત્યારે બે દિવસ દરમિયાન હાંસોટની પ્રજાએ સંયમ રાખી શાંતિ રાખવાના પ્રયાસોને બળ પુરૂ પાડયું છે. હાલ હાંસોટમાં ચારે તરફ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ચાલુ છે.અને નજીકમાં જ ઈદનો તહેવાર હોય પોલીસ કોઈ છુટછાટ લેવા માંગતી નથી અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટ તમામ પગલા લઈ રહી છે. હાંસોટમાં ધીરે ધીરે પરિસ્થિતિ રાબેતા મુજબ થાળે પડતી નજરે જોવા મળી રહી છે.

15/06/2018 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-3

# અંકલેશ્વરના બળાત્કારના બે આરોપીની અટકાયત

અંકલેશ્વર, તા.૧૪

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે બળાત્કાર કેસમાં સંડોવાયેલા બે આરોપીઓની ટ્રાન્સફર વોરન્ટથી અટકાયત કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ અંકલેશ્વર જી.આઈ.ડી.સી. હદ વિસ્તારમાંથી ગત તારીખ ૨૪-૩-૧૮ ના રોજ ૧૬ વર્ષની સગીરાને લગ્નની લાલચ આપી જંગલિયા કટારા અને તેના અન્ય બેન સાગરિતો રમેશ ઉર્ફે રમો બામણીયા અને ઈન્દ્રિયા કટારા સગીરા ને ભગાડી ગયો હતો. આ દરમિયાન પોલીસે મુખ્ય આરોપી જંગલિયા કટારાની ધરપકડ કરી તેની પુછપરછ કરતા તેણે રમેશ બામણીયા અને ઈન્દ્રિયા કટારા પણ સંડવાયા હોવાનું જણાવતા પોલીસે બંને વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ વેળા બંને આરોપીઓ કોઈક કેસમાં મધ્યપ્રદેશના ચંદ્રશેખર પોલીસે ઝડપી પાડ્યા હતા. જેમનો ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

15/06/2018 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-3

### પાલેજ પોલીસ અને LCB પોલીસે કરેલ રેડ

# પાલેજ ખાતે બૂટલેગરો પર પોલીસ તંત્રની લાલઆંખ

## બે સ્થળોએથી રૂા. ૨૩ હજારનો દારૂ ઝડપાયો

ભરૂચ,તા.૧૪

ભરૂચ તાલુકાના પાલેજ ગામ ખાતે બુટલેગરો પર પોલીસ તંત્રએ લાલઆંખ કરતા વિદેશી દારૂ અને બીયરનો જથ્થો ઝડપી પાડયો હતો. બે બનાવમાં કુલ રૂા. ૨૩૭૦૦ ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો હતો.

પહેલી રેડની વિગત જોતા પાલેજ પોલીસ મથકના સુત્રોના જણાવ્યા અનુસાર અને ફરિયાદી ચીમન શીવાભાઈની ફરિયાદ મુજબ લીલાબેન મનોજભાઈ સોમા ઠાકોર રહે.નવીનગરી પોતાના નિવાસસ્થાને દારૂનુ વેચાણ કરતી જણાય હતી.

જેમની પાસે નાની-મોટી મળી કુલ ૧૯ દારૂની બોટલ કિંમત રૂા.૩૧૦૦ પોલીસે ઝડપી પાડી હતી તેમજ આરોપી લીલાબેનની અટક કરી હતી જયારે બીજી રેડમાં એલ. સી.બી. પોલીસ ભરૂચના પી.એસ. આઈ. ચૌહાણ તેમજ સ્ટાફના સંજયદાન, ગીરીશભાઈ, બાલુભાઈ વગેરેએ પાલેજથી વલણ જવાના રસ્તા પર આવેલ ડુંગરી પાર્ક નામના વિસ્તાર તરીકે જાણિતા વિસ્તારમાં રેડ કરી વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડયો હતો.

બિયર બોટલ નંગ ૨૩ અને વિદેશી દારૂ બોટલ નંગ ૧૭૮ મળી કુલ રૂા.૨૦૧૦૦ અને એક મોબાઈલ મળી કુલ રૂા.૨૦૬૦૦ ની મતાની જપ્ત કરી હતી.

આમ બે રેડમાં કુલ રૂા.૨૩૭૦૦ ની મતાની જપ્ત કરી હતી. એલસીબી દ્વારા ઝડપાયેલ વિદેશી દારૂ અને બિયરના જથ્થા અંગે ડાહ્યાભાઈ ઉર્ફે ટીનો જગા વસાવા, રહે.નવીનગરી, મુકેશ આહીર તેમજ મીકાબેન સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે જે પૈકી ડાહ્યા ઉર્ફે ટીના જગા વસાવાને પોલીસે ઝડપી પાડેલ છે. અન્ય બે આરોપી ફરાર હોવાનું જાણવા મળેલ છે. આ બનાવ અંગે પાલેજ પોલીસ તપાસ કરી રહી છે.

15/06/2018 CATEGORY: GREENE-PAPER
DIVYABHASKAR PAGE-3

## બોડેલીથી વલસાડ જતાં ડમ્પરો ગેરકાયદે હતાં

# નેત્રંગમાં ઓવરલોડ-રોયલ્ટી વગરના 3 ડમ્પર ઝડપાયાં

### પોલીસે માંગેલા પુરાવા રજૂ ન કરતાં કાર્યવાહી



નેત્રંગ નજીકથી ગેરકાયદે વહન કરતાં 3 ડમ્પર પોલીસે ઝડપી પાડયા. તસવીર-અતુલ પટેલ

ભાસ્કર ન્યુઝ | નેત્રંગ

નેત્રંગ પોલીસ સ્ટાફ વહેલી સવારે નેત્રંગ ચાર રસ્તા પર પેટ્રોલીંગમાં હતો તે અરસામાં બોડેલી તરફથી રેતી ભરેલા ત્રણ ડમ્પર આવતા તેને થોભાવી ચાલકોની પુછતાછ કરતા રોયલ્ટી અને પાસ પરમીટ માંગતા નહીં હોવાનું જણાવતા કાયદેસર રીતે કાર્યવાહી કરી દંડ ફટકાર્યો હતો.

નેત્રંગ થઈ મહારાષ્ટ્ર,સેલવાસ,મુંબઈ અને ગુજરાત પ્રાંતમાં ખૂબ મોટાપાયે બોડેલી ઓરસંગ નદીમાંથી રેતી ખનનનું મસમોટું કૌભાંડ ચાલે છે.રોજની હજારો ટ્રકો,ડમ્પરો,ટ્રેલરોમાં રેતી ભરી રાજ્ય અને આંતરરાજ્યોમાં ઠલવાય છે.નેત્રંગ પોલીસે વાહનચેકીંગ હાથ ધરતા તેમાં બોડેલીથી વલસાડ જતી ત્રણ રેતી ભરેલ ડમ્પર ઝડપી પાડી આગળનું દંડની કાર્યવાહી કરાઈ હતી.

15/06/2018 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE-3

### શાળા પાસે ઉભા રહી રોમિયોગીરી કરે છે

# ઝઘડિયામાં ધુમ સ્ટાઈલ બાઈક ચલાવતાં 6 ઝડપાયાં

## બાઈક રોમિયોને જાહેરમાં સજા કરવા માંગ

ભાસ્કર ન્યૂઝ | ઝગડીયા

ઝગડીયાનગરમાં ચાર રસ્તા વિસ્તાર,ટાવર રોડ,બજાર, વિસ્તારમાં અવાર નવાર ફુલ સ્પીડ માં ધુમ સ્ટાઈલ થી બાઈક સવાર યુવાનો માથાના દુખાવા સમાન બન્યા છે. શાળા શરૂ થવાના તથા છુટવાના સમયે આવા બાઈક રોમીયો પોતાની બાળક સ્ટાઈલ થી ગફલત ભરી રીતે બાઈક ચલાવી ઝગડીયા નગરમાં ભય જેવો માહોલ ઉભો કરે છે. આવા બાઈક રોમીયો ને ડામવા આજે સવારે પોલીસ મથકના મહીલા પોલીસ ઈન્સ્પેકટર મીની જોસેફ જાતેજ આવા બાઈક રોમીયોને ઝડપવાનું બીડું ઝડપ્યુ હતુ. જેમાં છ જેટલાબાઈક ચાલકોને ગફલતભરી રીતે રાહદારીઓમાં ભય ફેલાય તે પ્રમાણે બાઈકો ચલાવનારાને ઝડપી પાડયા છે તમામને પકડી પોલીસ મથકે લઈ જવામાં આવ્યા હતા અને તમામ ને આરટીઓ મેમો આવામાં આવ્યા હતા પીઆઈની કામગીરીના પગલે રોડ રોમીયો માં ફફડાટ વ્યાી ગયો છે

ઝગડીયા નગરમાં આજરોજ રોડ રોમીયો ઝડપાયા હતા. ત્યારે ઝગડીયા નગરમાં આવેલી શાળાઓ પર શાળા છુટવા ના ટાઈમે અને શાળા ચાલુ થવાના ટાઈમે રોમીયોગીરી કરતાને ડામવા જાહેરમાં રોમીયોગીરી કરતા રોમીયોને સજા કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

16/06/2018 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-4

# આરતી કંપનીમાં ગાર્ડની હત્યામાં વધુ ચાર ઝડપાયા

## અત્યાર સુધી કુલ દસ આરોપીઓની ધરપકડ

ઝઘડિયા, તા.૧૫

ઝઘડિયા જીઆઈડીસી વિસ્તાર સ્થિત આરતી કંપનીમાં મધરાત્રીએ સિક્યુરીટી ગાર્ડની હત્યામાં વધુ ચાર આરોપીઓની પોલીસે ધરપકડ કરી છે. જેમાં એક આરોપી સગીર વયનો હોય તેને વડોદરા ખાતે બાળકોની જેલ હવાલે કર્યો છે. અત્યાર સુધી આ ગુનામાં કુલ દસ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

આરતી કંપનીમાં ચોરી કરવા આવેલા લૂંટારાઓએ લૂંટ બાદ ગાર્ડ સુપરવાઝરની ધારીયાના ઘા કરી કરપીણ હત્યા કરી હતી. ગાર્ડની હત્યા થયાના ગુનામાં ઝઘડિયા પોલીસ દ્વારા આજે વધુ ચાર આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. અત્યાર સુધી આ ગુનામાં કુલ દસ જેટલા આરોપીઓની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. આજે ઝડપાયેલા ચાર આરોપીઓ પૈકી એક ઉંવ.૧૭ રહે. પડાલ ગામનો સગીર વયનો આરોપી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઝડપાયેલા તમામ દસ આરોપી ૨૧ થી ૨૪ વર્ષના લબરમૂછિયાઓ છે. જેમાં એક સગીર વયનો આરોપી છે.

### ઝડપાયેલા આરોપીઓના નામ

૧. રાહુલ જયંતી વસાવા ઉંવ.૨૧ રહે.પડાલ, તા.ઝઘડિયા, ૨. જીજ્ઞેશ જયંતી વસાવા ઉંવ.૨૪ રહે.પડાલ, તા.ઝઘડિયા, ૩. રાકેશ રાજેશ વસાવા ઉંવ.૨૧ રહે.પડાલ, તા.ઝઘડિયા, ૪. પંકજ પ્રવિણ વસાવા ઉંવ.૨૧ રહે.પડાલ, તા.ઝઘડિયા, ૫. હસમુખ મહેન્દ્ર વસાવા ઉંવ.૨૨ રહે.પડાલ, તા.ઝઘડિયા, ૬. સંજય કંચન વસાવા ઉંવ.૨૧ રહે.ખાટા આંબલા, તા.ઝઘડિયા, ૭. સુરેશ સોમા વસાવા ઉંવ.૨૪ રહે.સેલોદ, તા.ઝઘડિયા, ૮. સુરેન્દ્ર અરવિંદ વસાવા ઉંવ.૨૦ રહે.ઉંડીકુરી, તા.નેત્રંગ, ૯. દિનેશ અરવિંદ વસાવા ઉંવ.૨૦ રહે. પડાલ, તા.ઝઘડિયા, ૧૦. સગીર ઉંવ.૧૭ રહે.પડાલ, તા.ઝઘડિયા

16/06/2018 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-8

# આછોદ ગામમાં રાયોટીંગના ગુનામાં આઠ આરોપીની ધરપકડ

આમોદ: આમોદ તાલુકાના આછોદ ગામે ગઇ ૧૨મી જૂનના રોજ પગ ઉપર ફોવ્હીલ ગાડી ચઢાવી દેવાની બાબતે આમોદ ગામે નવીનગરીમાં રહેતા અશફાક ઇકબાલ ઉમર પઠાણની ચાની લારી પર પહોંચી જઇ ઝનૂની ટોળાને તેને બે-ત્રણ તમાચા મારી ગાળાગાળી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ઉપરાંત ઉશ્કેરાયેલા અને જનૂની બનેલા ટોળાએ અશફાકનું કેબિન, થ્રી વ્હીલ ટેમ્પો તથા ઘાસ સળગાવી દઇ તોડફોડ કરી આગચંપી કરી હતી. જે ગુનામાં આમોદ પોલીસે રાયોટીંગનો ગુનો નોંધ્યો હતો. આમોદ પોલીસે રાયોટીંગના ગુનામાં નાસતા ફરતા આઠ આરોપીઓ એઝાઝ હસન મિયૉઝી, આરીફ હસન મિયાંજી, સોયેબ ઇસ્માઇલ પટેલ, શકીલ સુલેમાન મુરસદ, સરફરાજ ઇસ્માઇલ મુરસદ, લુણે લુકમાન ઇસ્માઇલ, મહેબુબ યુસેફ કેનરા, સફવાન શબ્બીર અંગ્રેજને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## બાતમી આધારે દરોડો પાડતાં દારૂનો જથ્થો મળ્યો

# કાસીયામાં 13 હજારના વિદેશી દારૂ સાથે બુટેલગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર પોલીસે કાસીયા ગામે થી 13 હજારના ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે બુટલેગરની અટકાયત કરી હતી. અગાઉ પણ અઠંગ બુટેલગર ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે ઝડપાઈ ચુક્યો છે.

અંકલેશ્વરના કાસીયા ગામના રહેતો ફૂલચંદ ઉર્ફે કમલેશ વસાવા મોટા પાયે ઈંગ્લીશ દારૂનો વેપલો ચલાવી રહ્યો હોવાની અંકલેશ્વર શહેર પોલીસ મથકના સ્ટાફને બાતમી મળી હતી. બાતમીને આધારે પોલીસે કાસીયા-માંડવા ગામે દરોડો પાડતા બુટલેગર ફૂલચંદ ઉર્ફે કમલેશ વસાવાના ઘર માંથી ઈંગ્લીશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે વિવિધ





કાસીયાથી ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે બુટલેગરની પોલીસે અટકાયત કરી હતી.

બ્રાન્ડના ૧૮૦ એમએલની ૭૬ બોટલો અને બિયરની ૩૬ બોટલો મળી કુલ રૂપિયા ૧ ૩ હજારનો ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે બુટલેગરની પોલીસે અટકાયત કરી હતી. તેના વિરુધ પ્રોહીબીશન અંગેનો ગુનો નોધી વધુ તપાસ આરંભી હતી.

17/06/2018 CATEGORY: GREEN

E-PAPER GUJARATMITRA PAGE-8

## અંકલેશ્વર પોલીસે રૂ. ૩૬ હજાર ના વિદેશી દારૂ સાથે બે ને ઝડપી પાડયા

અંકલેશ્વર તાલુકા પોલીસે વિદેશી શરાબ નો ૩૬ હજારનો જથ્થો સાથે બે આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તાલુકા પોલીસના પી.આઈ બી એલ વડુકર ને બાતમી મળતાં તેમણે પીએસઆઇ એસ.ટી દેસલેને સ્ટાફ જોડે નવા ધંતુરીયા ગામની સીમમાં બાવળની ઝાડીમાં રેડ કરતા વિદેશી દારૂનો જથ્થો સાથે બે ઈસમો ને ઝડપી પાડેલ હતા જેમાં વિરલભાઇ ગુમાનભાઈ વસાવા રહેવાસીઓ નવા તરિયા ૨ વસંત સોમાભાઈ વસાવા રહેવાસી નવાતરીયા જ્યારે આ દારૂ લાવનાર ગેરકાયદેસર રાખનાર ચિંતન અક્કનભાઈ વસાવા રહેવાસી .માટીએડ પાસેથી લાવ્યા હોવાની કેફિયત રજૂ કરી હતી અંગે તાલુકા પોલીસ મથકે ફરાર બુટલેગર ચિંતન ભાઈ અક્કનભાઈ વસાવાને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે

17/06/2018 CATEGORY: GREEN

E-PAPER DIVYABHASKAR PAGE-1

### પોલીસે ઝડપાયેલા શખ્સને કોર્ટમાં રજૂ કરતાં 3 દિવસના રિમાન્ડ

## કોડવાવથી ઝડપાયેલા દારૂ કેસમાં ફરાર એક આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | નેત્રંગ

નેત્રંગના તાલુકાના કોડવાવ ગામમાંથી ડેમ વગામાંથી 26 હજાર નો વિદેશી દારૂનો જથ્થો પકડાયો હતો. ફરાર થયેલા બુટલેગરને એક સપ્તાહ બાદ પકડી પાડતાં અન્ય નામ ખુલ્યુ હતું. જેને ત્રણ મહિના બાદ નેત્રંગ પોલીસે તેના ઘરેથીજ દબોચી લઈ કોર્ટમાં રજૂ કરતા તેને ત્રણ દિવસના રિમાન્ડ આપ્યા હતા.

નેત્રંગ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એચ,એન,બારીયાને નેત્રંગ તાલુકાના કોડવાવ ગામના પ્રકાશ રામસિંગ વસાવાના ઘરના આગળના ભાગે મુકેલ ઘાસના પુડામાં વિદેશી દારૂનો જથ્થો સંતાડ્યો હોવાની બાતમી સાંપડી હતી. જેથી નેત્રંગ પોલીસે પુરતા પોલીસ બંદોબસ્ત સાથે કોડવાવ ગામે રેડ કરી હતી.

...અનુસંધાન પાના નં.2